દલિત અધિકાર એ જ માનવ અધિકાર

# દલિત અધિકાર (પાક્ષિક)

તંત્રી : પ્રકાશકુમાર રા. મહેરિયા ● R.N.I. No. : GUJGUJ/2005/17601 ● Regd. No. GAMC-1494/2017-19 Valid upto 31-12-2019

વર્ષ : ૧૪ અંક : ૩ સળંગ અંક : ૩૧૫ પ્રકાશન : તા. ૦૧-૦૯-૧૮ પોસ્ટીંગ : તા. ૦૫-૦૯-૧૮ પાનાં : ૮ વાર્ષિક લવાજમ રૂ. ૭૫/- છૂટક રૂ. ૩/- ૧

## દલિત આંદોલનોથી ધમધમતું ગુજરાત

**આપણી વાત**

ગુજરાતમાં ચારેકોર દલિત આંદોલનોની ધૂમ છે. રાજ્યના બધા જ ભૂભાગમાંથી નાના મોટા દલિત આંદોલનોના સમાચારો આવી રહ્યા છે. ક્યાંક બહુ મોટાપાયે, તો ક્યાંક સ્થાનિક સ્તરે, પણ દલિત આંદોલનોથી ગુજરાત ધમધમી રહ્યું છે. પરિવર્તનના, બદલાવના, ક્રાંતિના એવા ઓગસ્ટ માસના પહેલા ૨૫ દિવસોના ગુજરાતના દલિત આંદોલનોની પ્રાપ્ત વિગતોની અહીં જે ઝલક આપી છે તેના પરથી જ લાગી રહ્યું છે કે ગુજરાતનો દલિત, આંદોલન માટે સજ્જ છે અને હવે તે અન્યાય અત્યાચાર સાંખી લેવાના મિજાજમાં નથી.

આમ તો ઉનાકાંડ, રોહિત વેમુલાની સાંસ્થાનિક હત્યા અને કેન્દ્રમાં દલિત વિરોધી શાસનકર્તાઓથી તંગ આવેલા સઘળા ગરીબો સરકાર સામે વિરોધનું બ્યુગલ ફૂંકી રહ્યા છે. એમાં ગયા માર્ચ મહિનામાં દેશની સર્વોચ્ચ અદાલતે ૧૯૮૯ના અનુસૂચિત જાતિ-જનજાતિ અત્યાચાર પ્રતિબંધક કાયદાની ધાર સાવ જ બુઠ્ઠી કરી નાંખતા સુધારા કર્યા તેનાથી વિરોધનો સ્વર વધુ બુલંદ બન્યો. પરંતુ નરેન્દ્ર મોદી સરકારને તેની બહુ તમા નહોતી. સરકારે આ કાયદાને તેના મૂળ રૂપમાં પરત લાવવા વટહુકમની માંગણી ન ગણકારી અને સુપ્રીમ કોર્ટમાં રિવ્યુ પિટિશનનો રસ્તો લીધો જેમાં કોર્ટે કોઈ દાદ ન આપી. ગયા એપ્રિલમાં દલિતોના સ્વયંભૂ ભારત બંધ અને તેમાં ડઝનેક દલિતોની હત્યા પછી પણ સરકાર ન જ જાગી. ઉપરથી સુપ્રીમ કોર્ટના જે જજસાહેબે એટ્રોસિટી કાયદાનો દલિત આદિવાસી વિરોધી ચુકાદો આપ્યો તેમને નિવૃતિ પહેલાં જ ગ્રીન ટ્રિબ્યૂનલના જજ બનાવી દીધા. આ બધાથી દલિતોનો આક્રોશ વધુ ફાટી નીકળ્યો . દલિત સંગઠનોએ ૯મી એપ્રિલે ફરી ભારત બંધનું એલાન આપ્યું. એટલે સરકાર સક્રિય થઈ અને ૧૯૮૯ના એટ્રોસિટી એકટને તેની મૂળ સ્થિતિમાં આણતું બિલ સંસદના વર્ષાસત્રમાં સર્વાનુમતિએ પસાર કરાવ્યું. સંસદના આ જ સત્રમાં ઓબીસી આયોગને બંધારણીય દરજ્જો આપતું બંધારણ સુધારા બિલ પણ પાસ થયું છે. એક રીતે આ દલિત આંદોલનની જીત છે. જેની સામે સરકારને નમવું પડ્યું છે.

જોકે ૧૯૮૯ના દલિત આદિવાસી અત્યાચાર પ્રતિબંધક કાયદાને લગતું આ સુધારા બિલ પર્યાપ્ત નથી. કેમ કે તેની સામે અદાલતી કાર્યવાહીની તલવાર ઉભી જ છે. ખરેખર સરકાર જો આ કાયદાને કાયમી રક્ષણ આપવા માંગતી હોય તો તેને અદાલતી સમીક્ષાથી પર રાખતી બંધારણની નવમી અનુસૂચિમાં સમાવવો જોઈતો હતો. આ તો થયું નથી પણ ભાજપી સાંસદો બિલ પસાર કરવામાં તેમના ફાળા માટે જાતેને જાતે જ પોતાની પીઠ થાબડી રહ્યા છે. જે પાસવાન પુત્ર ચિરાગે, દલિતોવિરોધી ચુકાદો આપનાર જજની, ગ્રીન ટ્રિબ્યુનલમાં જજ તરીકેની નિમણૂક રદ કરવા માગણી કરી હતી ,તે માંગ પર તે હવે અડગ નથી અને તેમના પિતાશ્રી કેબિનેટમાં સ્થિર છે.

અત્યાચાર પ્રતિબંધક સુધારા બિલ સંસદના બંને ગૃહોમાં તો સર્વાનુમતે પસાર થયું પણ સંસદ બહાર તેનો નાનકડો પણ બહુ અકળાવે તેવો વિરોધ થયો. રાજધાની દિલ્હીમાં પોલીસોની નજર સામે બંધારણની હોળી કરી, ડો.બાબાસાહેબ આંબેડકર અને દલિતો વિરોધી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા. આ બાબતની જાણ થતાં દેશભરમાં દલિતોનો રોષ ફાટી નીકળ્યો. ગુજરાતમાં અને દેશમાં અનેક દલિતોએ આ કૃત્ય કરનારા સામે પોલીસમાં લેખિત ફરિયાદો નોંધાવી. અમદાવાદમાં સુરેશ આગજા, અશોક સમ્રાટ અને અન્ય દલિત આગેવાનોની પહેલથી વિરોધ સભા મળી. તેમાં ‘‘સંવિધાન સુરક્ષા મંચ’’ની રચના થઈ અને તેના ઉપક્રમે અમદાવાદના વાડજ વિસ્તારમાં બાઈક રેલી પણ યોજાઈ હતી.

દલિત આંદોલન જેટલું સામાજિક-રાજકીય મુદ્દે જોવા મળે છે તેટલું આર્થિક મુદ્દે જોવા મળતું નથી તે મહેણું પણ તાજેતરના ‘‘બિરસા આંબેડકર સ્વાધિકાર આંદોલન(BASA)’’ એ ભાંગ્યું. નવી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં જ કોંગ્રેસના દસાડાની અનામત બેઠક પર ચૂંટાયેલા ધારાસભ્ય નૌશાદ સોલંકીએ બિનસરકારી વિધેયક દાખલ કર્યું છે. છેક આઠમા દાયકાથી અનુસૂચિત જાતિ-જનજાતિ પેટા યોજના અમલમાં છે. તે મુજબ સરકારોએ દલિત આદિવાસી વસ્તીના પ્રમાણમાં બજેટ જોગવાઈ કરી ખર્ચ કરવાનો હોય છે પણ કેન્દ્ર અને રાજ્યોની સરકારો તેમ કરતી નથી. વળી આ બાબતને કાયદાનું પીઠબળ ન હોઈ કાં તો જોગવાઈ મુજબના નાણાં ફાળવાતા નથી, ઓછા ફાળવાય છે અને તેથી ઓછા વપરાય છે. દેશના પાંચ રાજ્યોએ આ અંગેના કાયદા કર્યા છે અને દલિત આંદોલનની પણ તમામ રાજ્યોમાં કાયદાની માંગ છે. બિનસરકારી બિલને વિપક્ષ કોંગ્રેસ અને અન્યનો ટેકો મળવાનો છે પણ તે પર્યાપ્ત નથી. એટલે BASA દ્વારા પ્રથમ તબક્કે ભાજપના તમામ દલિત આદિવાસી ધારાસભ્યોનું સમર્થન મેળવવાનું આંદોલન શરૂ કરાયું છે. તે પ્રમાણે અમદાવાદના બીજેપીના દલિત ધારાસભ્ય પ્રદીપ પરમાર અને વડોદરાના મનીષા બહેન વકીલના ઘરે શાંતિપૂર્ણ સત્યાગ્રહ દ્વારા સમર્થન મેળવવાના અસરકારક કાર્યક્રમો થયા .અપેક્ષા મુજબ ધારાસભ્યો હાજર નહોતા કે આ અંગેનો તેમનો જાહેર મત તેમણે

હજુ રજૂ કર્યો નથી. જોકે જયારે આ બિલ અંગે સર્વસંમતિ સાધવા ગાંધીનગરમાં સર્વપક્ષીય સભા બોલાવવામાં આવી ત્યારે બીજેપીના તમામ દલિત આદિવાસી ધારાસભ્યો ગેરહાજર રહ્યા હતા. તેના પરથી તેમના વલણનો અંદાજ મળે છે.

બાબાસાહેબ આંબેડકરે દલિતોને આહ્વાન આપતાં કહ્યું હતું કે તમે મારી સઘળી વાતો ભૂલી જાવ તો ભલે પણ અલગ વસાહતો અને જમીનની માંગણી ન જ ભૂલતા . અગ્રણી દલિત કર્મશીલ ભાનુભાઈ વણકરે જમીનના પ્રશ્ને જ શહાદત વહોરી હતી. તેમની શહાદતની અર્ધવરસીએ ગાંધીનગરમાં વિશાળ રેલી અને સભા દ્વારા ભાનુભાઈના આત્મવિલોપન સંદર્ભે, સરકારે જમીન સહિતના મુદ્દે જે વચનો આપ્યા હતા તેનો જવાબ માંગવામાં આવ્યો. તો સૌરાષ્ટ્ર દલિત સંગઠને સાંથણી, ઘરથાળ અને સ્મશાનભૂમિ સહિતની જમીનની માંગ લઈને જૂનાગઢમાં 'જમીન અધિકાર ઝૂંબેશ' શરૂ કરી છે. દલિતોની જમીનોની માંગણીની ચાર મહિના પૂર્વેની વિધિવત દરખાસ્તો અંગે સરકારે કંઈ જ ન કરતાં જૂનાગઢમાં ''જવાબ આપો'' મહારેલી અને સભા કરવામાં આવી હતી. જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં દલિતો ઉપસ્થિત રહ્યા હતા. સંગઠન દ્વારા પોરબંદર અને રાજકોટમાં પણ આવા સંમેલનો કરવામાં આવશે. ''સૌરાષ્ટ્ર દલિત સંગઠન'' દ્વારા જૂનાગઢ, ગીર સોમનાથ, રાજકોટ અને પોરબંદર જિલ્લાના તાલુકા અને ગ્રામ સામાજિક ન્યાય સમિતિઓના અધ્યક્ષો અને દલિત સરપંચોનું અધિકાર જાગૃતિ સંમેલન પણ યોજાયું હતું.

'શિક્ષણ' બાબાસાહેબના ત્રિસૂત્રમાં પ્રથમ ક્રમે છે. આજે દલિતોની જે થોડીઘણી પ્રગતિ દેખાય છે તેના મૂળમાં દલિતોની પહેલી પેઢીએ ભારે દુઃખો વેઠીને જાતે કે પોતાના સંતાનોને અપાવેલું શિક્ષણ છે. પરંતુ ખાનગીકરણને કારણે શિક્ષણની જે વલે કરવામાં આવી છે તેનાથી સૌથી વધુ શોષાવાનું નબળા વર્ગોને જ આવ્યું છે. એક તરફ સરકાર શિક્ષણનું ખાનગીકરણ કરી રહી છે તો બીજી તરફ ખાનગી શાળાઓમાં ભણતા દલિત આદિવાસી બાળકો તવંગર થઈ ગયા છે એમ માનીને તેમની સ્કોલરશીપ સહિતના લાભો બંધ કરી દીધા છે. દલિત અગ્રણી માર્ટિન મેકવાનના નેતૃત્વમાં, કિરીટ રાઠોડના સંયોજક પદે, ''આભડછેટ મુક્ત ભારત અભિયાન'' ના નેજા હેઠળ, રાજ્યની ખાનગી શાળાના દલિત વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય ચાલુ કરવા ''વોટ નહીં લોટ આપો'' નું નવતર અભિયાન સમગ્ર રાજયમાં ઉપાડવામાં આવ્યું છે. અમદાવાદ કલેકટરને લોટની થેલી અને આવેદનપત્ર આપવાના કાર્યક્રમ પછી રાજયના તમામ જિલ્લા અને તાલુકા મથકે આ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

દલિત આગેવાન રાજુ સોલંકી અને તેમના સાથીઓ શિક્ષણના અધિકાર કાનૂન ,ખાસ કરીને ખાનગી શાળાઓમાં ૨૫ ટકા બાળકોના પ્રવેશ, બાબતે ખૂબ જ સક્રિય છે. ''દલિત હક્ક રક્ષક સમિતિ'' એ આ માટે કાયદાકીય અને આંદોલનાત્મક સંઘર્ષો કર્યા છે. દર વરસે એડમિશન શરૂ થતાં જ તે માટેની કાર્યવાહી તેઓ શરૂ કરે છે. જેમને પ્રવેશ ન મળે તેમના પ્રવેશ , શાળા ટ્રાન્સફર અને એક કરતાં વધુ તબક્કામાં ચાલતી પ્રવેશ પ્રક્રિયા-જેવી થકવી નાંખતી અને ભારે કસોટી કરનારી પ્રક્રિયામાં રાજુભાઈ સતત મંડ્યા રહે છે. સાબરતીની નવનિર્માણ શાળાના વિદ્યાર્થીઓના સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટમાં શાળા છોડવાનું કારણ ''અસામાજિક તત્વોએ શાળાનો કબજો લઈ લીધો'' હોવાનું જણાવ્યું હતું કે એક વિદ્યાર્થીના એલ.સી.માં તેની જાતિ ''હિંદુ ભૈયાજી'' લખી હોવાનું પણ રાજુભાઈ શોધી લાવ્યા છે. હવે ''દલિત પેન્થર નારણ વોરા એજ્યુકેશન ફાઉન્ડેશન'' મારફતે નબળા વર્ગના બાળકોને ફી માટેની આર્થિક સહાય, સમાજના સહકારથી પૂરી પાડી રહ્યા છે. તેમના આ કાર્યમાં, દલિત ઉપરાંત શિક્ષણનું જ્યાં અલ્પ પ્રમાણ છે તેવા દેવીપૂજક સમાજના બાળકોને પણ મદદ અને માર્ગદર્શન મળી રહ્યાં છે.

જ્ઞાતિ નિર્મૂલન સમિતિ, અમદાવાદ , ૨૨ બંધારણીય અધિકારો માટે છેલ્લા છ વરસોથી કાર્યરત છે તેના ઉપક્રમે સંજય પરમાર, રાજેશ સોલંકી અને કલ્પેશ વોરા દ્વારા તાજેતરમાં 'અનામત રોસ્ટર એક્ટ' અને 'ખાસ અંગભૂત યોજના એક્ટ' માટે મંત્રીઓ, ધારાસભ્યો અને વહીવટી તંત્રને આવેદનપત્રો આપી રજૂઆતો કરવામાં આવે છે.દલિત કર્મશીલ કાંતિલાલ પરમાર અત્યાચારોના મુદ્દે ભારતના માનવ અધિકાર પંચમાં સતત રજૂઆતો કરતી રહે છે અને સારા પરિણામો મેળવે છે. ભરત મુસડિયાના નેતૃત્વમાં ચાલતું ''રાજકોટ જિલ્લા દલિત યુવા વિકાસ સંગઠન'', વરસોથી લટકતા ધોરાજીની દલિત છાત્રાલયની સરકારી ગ્રાંટના પ્રશ્ને અનેક વિરોધ કાર્યક્રમો અને મંત્રીઓને રજૂઆતો કરે છે.આ વખતે ભરતભાઈએ સૌરાષ્ટ્રના તમામ મંત્રીઓ અને રાજયના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમારને ગાંધીનગરમાં રૂબરૂ રજૂઆત કરી છે. સામાજિક કાર્યકર કૌશિક પરમાર દલિતો આંદોલન દરમિયાનના ખોટા પોલીસ કેસો પાછા ખેંચાવવા કૃતનિશ્ચયી છે.

વડગામના અપક્ષ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીનું આંદોલનકારી રૂપ સતત જોવા મળે છે. વડી અદાલતે શહેરોના ટ્રાફિક જામ અંગે સૂચન શું કર્યું કે અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ કમિશનર લારી ગલ્લાવાળા, ફેરિયા અને રિક્ષાઓવાળા પર તૂટી પડ્યા. દબાણમુક્ત અને ટ્રાફિકજામ મુક્ત શહેર કરવા માટે જાણે કે લારી ગલ્લા અને રિક્ષાઓ હઠાવવી એ જ એક માત્ર રસ્તો છે. એટલે આ બધા ગરીબોને ધંધારોજગાર વગરના કરી દીધા. રાકેશ મહેરિયાના નેતૃત્વમાં અમદાવાદના લારી ગલ્લાવાળા એકત્ર થયા છે. તેમણે અમદાવાદમાં વિશાળ રેલી કાઢી ,૨૦૧૪ના સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટનો અમલ કરવાની માંગણી સાથે, સત્તાવાળાઓને સવાલ કર્યો કે, પેટ પહેલાં કે પગ ? જિજ્ઞેશ મેવાણી લારી ગલ્લાવાળાઓના આંદોલનમાં મોખરે હતા, તો દલિત આદિવાસી ખાસ અંગભૂત યોજનનાના કાયદાની માંગણીના આંદોલનમાં અમદાવાદ અને વડોદરામાં પણ હતા. કચ્છ અને પાટણની જમીનોના મુદ્દે આ જ દિવસોમાં તેમણે આદોલનાત્મક કાર્યક્રમો કર્યા અને અમદાવાદના બાપુનગરમાં બૂટલેગરોનો ત્રાસ વધતાં ગરીબ મુસ્લિમ મહિલાઓ સાથે કમિશનર કચેરીએ હલ્લો કર્યો હતો. કચ્છના જિલ્લા મથક ભુજથી અડધી રાતે માજીદ આદમભાઈ થેબા નામક મુસ્લિમ યુવકની પોલીસે ધરપકડ કરી તે પછી તેને ગુમ કરી દીધા. તો તે અંગે ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ સરકારમાં ઉગ્ર રજૂઆત કરી. એડવોકેટ શમશાદ પઠાણની આગેવાનીમાં હવે અમદાવાદથી ભુજની 'માજીદ ખોજ યાત્રા'નું આયોજન થયું છે. શમશાદ પઠાણ સામેની એક ખોટી પોલીસ ફરિયાદ રદ કરવા બાર એસોસીએશનના અગ્રણીઓ સાથે જિજ્ઞેશ મેવાણીએ પણ કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં રજૂઆત કરી હતી. અમદાવાદમાં જયારે ભાનુભાઈ વણકરના શહાદતની અર્ધવરસીના આયોજનની બેઠક ચાલતી હતી ત્યારે 'રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ'ની ઓઢવની ટીમ અને દાણીલીમડાની ટીમ સ્થાનિક પ્રશ્નોને લઈને સંબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનો ગજવી રહી

હતી. રામોલ-જશોદાનગરની ટીમના આગેવાનો આઝાદી દિવસે અત્યાચારનો ભોગ બનેલા આણંદ જિલ્લાના સારસાના દલિત કુટુંબ વચ્ચે હતા. વડાપ્રધાન એક દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવ્યા ત્યારે 'રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ'ના જુનાગઢના આગેવાન ભરત પરમાર (બાંટવા ) અને અમદાવાદ વેજલપુરના રાકેશ મહેરિયાને પોલીસે આગલા દિવસથી જ નજરકેદ કરી ડિટેઈન કરી લીધા હતા. RDAM ગાંધીનગર દ્વારા પાટનગરના ઝૂંપડાવાસીઓને વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના ન હઠાવવા દેખાવો ધરણાનો કાર્યક્રમ સત્યાગ્રહ છાવણી ગાંધીનગર ખાતે થયો હતો. છારાનગરમાં પોલીસે જે રીતે નિર્દોષ લોકો પર બેરહેમ જુલમ ગુજાર્યો તેનો વિરોધ કરવામાં જિજ્ઞેશ મેવાણી મોખરે રહ્યા હતા. બનાવના ૪૮ કલાકમાં છારા સમાજના યુવાનોએ જે શાંત અને અહિંસક પ્રતિકાર કર્યો તે અજોડ હતો તે પછી જિજ્ઞેશભાઈની છારાનગરની મુલાકાત અને તેના બીજા અઠવાડિયે સાંસ્કૃતિક કાર્યક્રમ કરીને છારાનગરનો પોલીસ અત્યાચાર, માનવ અધિકારોનું હનન છે તે બાબતે સરકારનો જવાબ મંગાયો હતો. ભાઈ જિજ્ઞેશ અને તેમના સાથીઓ ગુજરાતના દલિત આંદોલનોમાં કેવા રણમોઝાર હોય છે તેના આ થોડા ઉદાહરણો છે.

ફેર વેલ ફેર નાડિયા સમાજ સમૂહ લગ્નોત્સવ સમિતિ, અમદાવાદ દ્વારા અમદાવાદના સરકીટ હાઉસમાં, નાડિયા સમાજની વાડી, નાડિયા સમાજનું બંધારણ ,શિક્ષણમાં ઉન્નતિ, કુરિવાજ નિર્મૂલન, ગામડાંઓમાં સમૂહ લગ્ન-જેવા પ્રશ્નો માટે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ યોજાય કે "વણકર યુવા સમિતિ" વડોદરા દ્વારા "વિદેશમાં વસતા NRI વણકર જ્ઞાતિમિત્રો તેમજ ભારતમાં વસતા અને NRI પાત્ર શોધતા વણકર જ્ઞાતિમિત્રોનું પસંદગી સંમેલન" આયોજિત થવાનું હોય, પોલીસ અને સમકક્ષ જગ્યાઓમાં નોકરી માટે દલિત યુવાનોને તાલીમ આપવાનું આયોજન 'સંત રોહિદાસ સમાજ સંકુલ',ગાંધીનગર ખાતે થતું હોય તે પણ દલિત આંદોલનની અને દલિત સમાજની બલિહારી છે.

થોકબંધ દલિત આંદોલનોથી ગુજરાત ગાજી રહ્યું છે. વેરવિખેરને બદલે કોઈ એક છત્ર નેતૃત્વ અને સમાન મુદ્દાઓ અંગે સૌ એક થઈએ તો શું ધાર્યું પરિણામ ન લાવી શકાય? ગુજરાતના દલિતો, તમે સાંભળો છો?

**પ્રસંગવશ**

## જાતિનું લટકણિયું

કોઈ પણ ગામમાં જઈએ ને કોઈને મળીએ તો પહેલો પૂછાતો પ્રશ્ન 'તમે કેવા ?'

આ પૂછનારા જરાય ગમે નહીં. માણસ છીએ આટલું પૂરતું નથી?પણ ના એ પૂરતું નથી. જાતિગત લટકણિયા વગર જાણે તમે કાંઈ છો જ નહીં.

સરકારેય આ લટકણિયાના આધારે જ વિવિધ સહાય આપે. એટલે ગમે કે ના ગમે આ લટકણિયા માટે મથવું પડે.

પહેલાં તો અધિકારી બિચારા વિચરતી અને વિમુક્ત જાતિનું પ્રમાણપત્ર આપતા ડરતા. રખેને ક્યાંક કોઈને ખોટું જાતિ પ્રમાણપત્ર અપાઈ જશે તો પેન્શન રોકાઈ જશે. એમની વાત સાવ સાચી. પણ અણહકનું મેળવવાની આપણી લાલચોના કારણે જ આવા જૂઠ્ઠા પ્રમાણપત્રો બને.

જાતિ પ્રમાણપત્ર આપવા માટે સરકારે કડક કાયદો કર્યો. પિતાનું કે કાકાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર ફરજિયાત જોડવાનું કર્યું. આમાં અમારી આ જાતિઓ(વિચરતી અને વિમુક્ત) બિચારી હેરાન થઈ ગઈ. શાળાનું એકેય પગથિયું એ પોતેય ચડ્યા નથી ત્યાં બાપાનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર કેવી રીતે લાવવું? આ બધું અઘરુ હતું.

પણ ગાંધીનગર સતત રજૂઆત ને આ જાતિઓને પ્રમાણપત્ર આપવાના નિયમને ઢીલો કરવાની માંગ કરીને પહેરવેશ, બોલી, નાતપંચ તેમનું રહેણાંક તપાસીને જાતિ પ્રમાણપત્ર આપવાની માંગણી કરી. આખરે ઘણા લાંબા સમયે સરકારે આ માંગણી ગ્રાહય રાખીને હવે સરળતાથી પ્રમાણપત્રો મળવા માંડ્યા. અમદાવાદમાં સાબરમતી વિસ્તારમાં જેમના છાપરાં તોડ્યા એમને ઘર મળે તે માટે મહેનત કરીએ છીએ. નવા કમિશનરે મકાન આપવા દરખાસ્ત કરવા કહ્યું છે જેના ભાગરૂપ તેમના જાતિપ્રમાણપત્ર માટે અરજી કરી હતી ને એક સાથે ઘણાં બધા પરિવારોને જાતિ પ્રમાણપત્ર નામનું લટકણિયું મળ્યું.

આનંદ છે પણ સાથે સાથે આપણે આ જાતિના લટકણિયામાંથી મુક્ત ક્યારે થઈશું તે પ્રશ્ન પણ છે....

**મિત્તલ પટેલ**

## 'દલિત' હોવું એટલે શું?

ગજવામાં જાતિનું પ્રમાણપત્ર લઈને ફરવાથી દલિત હોવાનો અહેસાસ થતો નથી. આ દેશમાં દલિત હોવાનો અહેસાસ તમને ત્યારે થાય, જયારે તમારી મા, બહેન, દીકરીને અપમાનિત અને લાંછિત કરવામાં આવે; જ્યાં તમે સદીઓથી વસ્યા અને જેની હવામાં તમારા વડવાઓની સ્મૃતિઓ તરતી હોય એવા ગામને પહેરેલા લૂગડે અલવિદા કહીને ઉચાળા ભરવા પડે; તમારી યાતનાનું વર્ણન કરનાર કોઈ ના હોય અને તમારી ચીસો તમારા ગળામાં જ ગૂંગળાઈ જાય; દિવસોના દિવસો સુધી તમે કલેક્ટર કચેરીએ ખુલ્લા આકાશ નીચે ચાર ઈંટો મૂકીને, ચૂલો ચેતવીને, તમારા સમાજના મુઠ્ઠીભર લોકોએ આપેલા ચોખાના દાણા બાફીને, પેટનો ખાડો પૂરવા મજબૂર થઈ જાવ; તમને 'હિજરતી' જાહેર કરવા કે નહીં એ યક્ષ-પ્રશ્નનો એક વરસ સુધી ફેંસલો ના આવે, ખુલ્લા આકાશ નીચે તમારી ગર્ભવતી પત્ની આ દેશના 'ભાવિ નાગરિક'ને જન્મ આપે, તમારા ઘરડા મા-બાપ પીએફ, ગ્રેજ્યુઈટી કે પેન્શન વિના, મેડિક્લેમ વિના, જિલ્લાના સીએચસીમાં દિવસો સુધી ટ્રીટમેન્ટ વિના રીબાય અને ગાંધીનગરના સચિવાલયના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના એક ટેબલ પર તમારી ફાઈલ બીજી 'અત્યંત અગત્યની' ફાઈલોના ઢગલા નીચે દબાતી જાય, વિસરાતી જાય, ત્યારે, ખરેખર ત્યારે, તમને અહેસાસ થાય દલિત હોવાનો.

*(ગત વર્ષે ૨૦૧૭માં, ગાંધીનગરમાં 'પ્રતિરોધ' (સત્યાગ્રહ) છાવણી પર, ધરણે બેઠેલા અગિયાર ગામોના હિજરતી દલિતોની ખમીરવંતી લડતની સ્મૃતિમાં લખેલો એક ટુકડો.)*

**રાજુ સોલંકી**

## માનવીય વિકાસનો કેરાલા વારસો અને કુદરત

૨૭%મુસ્લિમ,૧૮%ખ્રિસ્તી અને ૫૫% હિન્દુ વસ્તી ધરાવતું કેરાલા શિક્ષણ,આરોગ્ય અને જાતિ પ્રમાણમાં પ્રથમ ક્રમે છે.માનવીય વિકાસનો કેરાલા વારસો કુદરત નહિ મિટાવી શકે !

**ગૌરાંગ જાની**

# ભાનુભાઈ વણકરની શહાદતની અર્ધવરસીએ

**મુકામ ગાંધીનગર**

**ચંદુ મહેરિયા**

*'આ તસવીર તમને વિચલિત કરી શકે છે પરંતુ અમે ઈચ્છીએ છીએ કે સરકાર વિચલિત થાય'*

*(તા. ૧૬-૨-૨૦૧૮ના ગુજરાતી અખબાર 'દિવ્ય ભાસ્કર'માં પ્રથમ પાને ભાનુભાઈ વણકરના આત્મવિલોપનની સળગતી તસવીર સાથે લખાયેલું)*

*પાટણ જિલ્લાના દુદખા ગામના દલિત પરિવારની ઘટના સંદર્ભે રાજ્ય સરકાર પ્રથમ દિવસથી જ ગંભીર છે અને મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તમામ પ્રકારે સહાયરૂપ થવા નિર્ણયો લઈને મદદ કરી છે. આ ઘટના સંદર્ભે સંવેદનશીલ મુખ્યમંત્રીએ ઘટનાની ન્યાયિક તપાસ થાય તે માટે એસ આઈ ટી ની રચના કરવાનો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે હકારાત્મક અભિગમ દાખવી સંવેદનશીલતાપૂર્વક પ્રશ્નોનો નિકાલ કરવાનો પ્રયાસ હાથ ધર્યો છે.'*

*પ્રદીપસિંહ જાડેજા, ગૃહ રાજ્ય મંત્રી,*

*(રાજ્ય સરકારના માહિતી ખાતાની તા.૨૨-૦૨-૨૦૧૮ની અખબારી યાદી)*

છ મહિના થઈ ગયા એ વાતને. જ્યારે ગુજરાતના દલિત આંદોલનના ઈતિહાસમાં એક અનોખી, ગોઝારી ઘટના બની હતી. ભાનુભાઈ વણકર નામક એક દલિત કર્મશીલે પાટણ જિલ્લાના, સમી તાલુકાના, દુદખા ગામના બે દલિત કુટુંબોને જમીન આપવામાં સરકારી તંત્રની સતત નકારાત્મક નીતિથી વાજ આવીને આત્મ વિલોપનનું એક આત્યંતિક પગલું ભરવાની જાહેરાત કરી હતી. પાટણ કલેકટરને લેખિતમાં આ આત્મ વિલોપનની ચીમકી આપવા છતાં ન તો સરકારના તંત્રે કોઈ ઉકેલ આણ્યો કે ન તો ભાનુભાઈના આત્મવિલોપનને રોક્યું. ને એમ જ એક જીવતા જાગતા જણને ભડભડ સળગાવી મેલ્યો.

### આત્મ વિલોપનની ગોઝારી ઘટના

૧૫મી ફેબ્રુઆરી ૨૦૧૮ની એ ઘટના આમ તો સાવ નજીકના ભૂતકાળની છે અને છતાં સરકારની અને સમાજની સ્મૃતિમાંથી ભૂંસાઈ ગઈ છે. એટલે પહેલાં એ ઘટનાને તાજી કરી લઈએ.

"નવસર્જન ટ્રસ્ટ"ના આગેવાન કાર્યકર રતિલાલ રાજાભાઈ મકવાણાને આમ તો આ બનાવની કાયદેસરની એફ. આઈ. આર. નોંધાવવી હતી. પરંતુ ખુદ પોલીસ સામેની ફરિયાદ પોલીસ કઈ રીતે નોંધે? એટલે ઘણાં પ્રયત્નો પછી પોલીસે રતિલાલ મકવાણાની ફરિયાદ અરજીના સ્વરૂપમાં લીધી. જેમાંથી આ ઘટનાનો ચિતાર મળે છે :

**તા. ૧૫-૦૨-૨૦૧૮**

**કેમ્પ-પાટણ કલેકટર કચેરી**

મારું નામ રતિલાલ રાજાભાઈ, જાતે મકવાણા, ઉમર વરસ ૪૬, ધંધો નોકરી, રહે- દુદખા, તા.સમી, જિ. પાટણ, મો.નં ૯૭૨૭૭૪૫૩૭૪

રૂબરૂમાં પૂછવાથી જાહેર કરી મારી ફરિયાદ હકીકત લખાવું છું કે આજ રોજ તા.૧૫-૦૨-૨૦૧૮ના રોજ અગાઉથી આપેલ અલ્ટીમેટમ મુજબ અમો પાટણ કલેકટર કચેરી ખાતે આશરે અગિયારેક વાગ્યાના સુમારે આવેલા. મારી સાથે નરેન્દ્રભાઈ મફાભાઈ પરમાર રે.કલાણા, તા.હારીજ, હાલ પાટણ તથા વણકર પ્રવીણભાઈ કાંતિભાઈ, રે.દુદખા તા. સમી વગેરે આશરે ચાલીસેક માણસો હતા.તે વખતે ફરજ પરના મુખ્ય પોલીસ અધિકારીએ અમોને રોકેલા અને પૂછેલ કે અરજદારો હેમાબહેન કાંતિભાઈ અને ચમાર રામાભાઈ મઘાભાઈ અને વણકર ભાનુભાઈ એ લોકો આવેલા છે ? તો મેં સાહેબશ્રીને ના પાડેલ. 'મને ખ્યાલ નથી કે આ લોકો ક્યાં છે.' ત્યારબાદ કેસ વિશેની વિગત મેળવેલ અને મને કહેલ કે 'આપની મુલાકાત કલેકટરસાહેબ સાથે કરાવડાવું.' ત્યારબાદ મેં તેમને કહેલ કે, 'જો ચર્ચા થાય તો નિચોડ આવે અને કંઈ પરિણામ સારુ આવે.' પરંતુ મારી મુલાકાત કરાવેલી નહીં. મેં તેમને રૂબરૂ મળતાં વાત કરેલી કે, 'સાહેબ કલેકટરસાહેબ સાથે વાત કરાવો.' તો તેમણે કહેલ કે, 'અરજદારને સાથે લાવો. તે સિવાય બીજાને જવા નહીં દેવાય.' તે વખતે નરેન્દ્રભાઈ મફતલાલ પરમાર સાથે હતા. તેઓએ પણ રજૂઆત કરેલી. વધુમાં જણાવેલ હતું કે અરજદારના પારિવારીક ભાઈ થાય છે અને તેમની સમજાવટથી પ્રશ્ન હલ થઈ શકે તેમ છે. ત્યાર પછી મેં સાહેબને વાત કરી કે અરજદાર કલેકટરને મળવા આવતા નથી. તે અગાઉ આપેલ અલ્ટીમેટમ મુજબ અગ્નિદાહ કરવા માટે આવવાના છે. તેમ છતાં મારી વાતને ધ્યાને ના લેતાં આટલી મોટી ઘટના બનેલ કે અલ્ટીમેટમમાં દર્શાવ્યા મુજબના ભાનુપ્રસાદ જેઠાલાલ વણકર રે.ઉંઝા, તા.ઉંઝા ,જેઓ નિવૃત તલાટી છે, તેઓ કલેકટર કચેરીના પ્રાંગણમાં મારી નજર પડતાં સળગતી હાલતમાં જોવા મળેલ. ત્યાર પછી અમો બધાએ તથા પોલીસના માણસોએ તથા ફાયર બ્રિગેડના માણસો પણ દોડી આવેલા અને બચાવી સારવાર સારુ હોસ્પિટલમાં લઈ ગયેલા. ત્યારબાદ અમારા પાંચ વ્યક્તિને જબરજસ્તી પોલીસવાનમાં બેસાડી પોલીસ હેડક્વાર્ટર ખાતે મોકલી આપેલા અને અમો બધાં ત્યાં હતા.

અમારી સમગ્ર બાબતે દાદ છે કે અમારી રજૂઆત પ્રમાણે જ ઘટના બનેલ. જેમાં જે તે જવાબદાર અધિકારીઓ/કર્મચારીઓ સામે ન્યાયિક તપાસ કરી ધોરણસરની કાર્યવાહી કરી પગલાં લેવા વિનંતી છે.

અમારો દુદખા તા.સમી, જિ.પાટણની જમીનનો કેસ છેલ્લા ત્રણ વરસથી કોઈ નિકાલ ન આવતાં અમોએ આત્મ વિલોપન માટેની અરજી કરી હતી. જે અરજી અનુસંધાને આજરોજ પાટણ કલેકટર કચેરીએ આવેલા હતા.

આ સમગ્ર ઘટના પાટણ કલેકટર કચેરીનાં પ્રાંગણમાં બનેલ હોઈ તમામ સીસીટીવી કેમેરા ફૂટેજ તેમ જ સરકારના અન્ય વિડીયોગ્રાફી પણ પુરાવા તરીકે સામેલ કરી યોગ્ય તપાસ કરવા વિનંતી છે.

આ કેસની તપાસ એસ.પી. કક્ષાના અધિકારી સાહેબશ્રીને સોંપાય તેવી અમારી માંગ છે.

એટલી મારી ફરિયાદ હકીકત મારા લખાવ્યા મુજબની બરાબર અને ખરી છે.

રૂબરૂ

**(એમ.એલ.પરમાર)**

પોલીસ ઈન્સપેક્ટર

પાટણ તાલુકા પોલીસ સ્ટેશન

મને ફરિયાદની નકલ મળેલ છે.
ફરિયાદ મારા લખાવ્યા પ્રમાણે બરાબર હોઈ આ નીચે સહી કરેલ છે.
સહી. અવાચ્ય રતિલાલ મકવાણા

## ભાનુભાઈની શહાદતને પગલે વિરોધ

આત્મવિલોપન પછી ગંભીર રીતે દાઝેલા ભાનુભાઈ વણકરનું સારવાર દરમિયાન ૧૬મી ફેબ્રુઆરી ૨૦૧૮ના અવસાન થયું. ખરેખર તો તે મોત નહોતું પણ ગુજરાતની ભાજપ સરકાર અને તેના ગરીબદલિત વિરોધી વહીવટી તંત્ર દ્વારા ઠંડા કલેજે કરવામાં આવેલી નિર્મમ હત્યા હતી. ભાનુભાઈની આ હત્યાથી દલિતો ખળભળી ઉઠ્યા. સમગ્ર ગુજરાતમાં દલિતોનો આક્રોશ ફાટી નીકળ્યો. જ્યાં સુધી ભાનુભાઈ વણકરે જે પ્રશ્નો માટે પોતાનું બલિદાન આપ્યું તે પ્રશ્નો અંગે સરકાર લેખિત ખાતરી ન આપે ત્યાં સુધી તેમના મૃતદેહનો સ્વીકાર ન કરવાનું પ્રણ તેમના પરિવાર અને દલિત સમાજે લીધું. પાટનગર ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમની બહાર હજારો દલિતો એકઠા થયા. વડગામના અપક્ષ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી અને દસાડાના કોંગ્રેસના ધારાસભ્ય નૌશાદ સોલંકી સહિત વિપક્ષ કોંગ્રેસ અને તમામ દલિત સંસ્થા/સંગઠનો આ વિરોધ કાર્યક્રમમાં જોડાયા હતા. ઉચ્ચ પોલીસ અને વહીવટી અધિકારીઓ સાથે વાટાઘાટો અને વિરોધ કાર્યક્રમો ચાલુ હતા. ધરણાં, દેખાવો, ધરપકડો અને છેલ્લે બંધનું એલાન- જિજ્ઞેશ મેવાણી અને નૌશાદ સોલંકી સહિત અનેકોની ધરપકડો-છતાં સરકાર મચક આપતી નહોતી. ત્રણત્રણ દિવસ સુધી ભાનુભાઈના મૃતદેહ સાથે તેમનો પરિવાર ખાધાપીધા વિના રોકકળ કરતો બેઠો હતો.

## સરકાર સાથે લેખિત સમાધાન

દલિતોની મજબૂત એકતા અને વિરોધ સામે ઝૂકીને, ૧૯મી ફેબ્રુઆરીને સોમવારની વિધાનસભાની કાર્યવાહીમાં આ મુદ્દે વિરોધ ન થાય તેથી ચેતીને, આખરે સરકારે દલિતો સાથે લેખિત સમાધાન કર્યું ને બાંહેધરીઓ આપી. જે અક્ષરશઃ નીચે મુજબ છે :

**સ્થળ-સિવિલ હોસ્પિટલ,ગાંધીનગર**
**તારીખ-૧૮-૦૨-૨૦૧૮**

સ્વ.શ્રી.ભાનુભાઈ વણકરના અવસાન બાદ તેમના પરિવાર દ્વારા મુખ્ય સચિવશ્રીને તા. ૧૭-૦૨-૨૦૧૮ના કરેલી અરજી અંતર્ગત સમાધાનના મુદ્દાઓ

**૧.** રાજ્યના તમામ જિલ્લામાં જે કિસ્સામાં સાંથણીના કાયદેસરના હુકમો કર્યા હોય, સનદ આપી હોય, પરંતુ કબજા આપવાના બાકી હોય તેવા કિસ્સામાં રાજ્ય સરકાર કલેકટરશ્રીઓને પરિપત્ર દ્વારા ૬ માસમાં કબજા આપવાના આદેશ કરશે.

**૨.** દુદખા ગામના જે પરિવારના જમીનનો પ્રશ્ન હતો તે પરિવારને જમીનની ફાળવણી અંગે સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવે છે અને આ કેસના લાભાર્થીને જમીન ફાળવણીના આદેશ મહેસુલ વિભાગ દ્વારા દિન-૩માં કરવામાં આવશે.

**૩.** આ સમગ્ર કેસની તપાસ બાબતે પરિવારની માંગણી મુજબ 'સીટ' રચનાનો સરકાર સ્વીકાર કરે છે.

**૪.** સ્વ.શ્રી.ભાનુભાઈને એવોર્ડ આપવાની રજૂઆત બાબતે વિધિસર વિચારણા કરવામાં આવશે.

**૫.** સ્વ.ભાનુભાઈના પુત્ર ભાર્ગવકુમાર મેઉવાને તેમના પત્ની કે જેઓ કોટ તા.સિદ્ધપુર ખાતે ફરજ બજાવે છે, તે સ્થળે સરકાર દ્વારા હકારાત્મક વલણ રાખી ટૂંક સમયમાં બદલી કરી આપવામાં આવશે.

**૬.** ઉંઝા નગરપાલિકા વિસ્તારમાં સ્વ.ભાનુભાઈ વણકરની પ્રતિમા મુકવાની માંગણી બાબતે નગરપાલિકા ઉંઝાને ભલામણ મોકલી આપવામાં આવશે.

**૭.** પાટણ ખાતે જે સ્થળે બનાવ બનેલ છે તે સ્થળે નિષ્કાળજી બાબત જવાબદાર પોલીસ અધિકારી/કર્મચારી સામે દિન-૩માં તપાસ કરી સસ્પેન્શન સુધીના પગલાં ભરવામાં આવશે.

**૮.** આજરોજ તા. ૧૮-૦૨-૨૦૧૮ના રોજ સ્વ.ભાનુભાઈ વણકરના મૃત્યુ પછી થયેલા આંદોલન દરમિયાન રાજ્ય સરકાર દ્વારા કોઈ ફોજદારી કેસ દલિત કાર્યકર્તાઓ સામે દાખલ થયેલ હશે તો તે પરત ખેંચવામાં આવશે.

(આજ રોજ તા. ૧૮-૦૨-૨૦૧૮ના રોજ માન. મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્યની મળેલ આજ્ઞાનુસાર)

| | | |
|---|---|---|
| સહી અવાચ્ય | સહી અવાચ્ય | સહી અવાચ્ય |
| પોલીસ અધીક્ષક | પોલીસ મહાનિરીક્ષક | પોલીસ મહાનિરીક્ષક |
| ગાંધીનગર | ગાંધીનગર, રેન્જ | (આઈ.બી.), ગાંધીનગર |
| સહી અવાચ્ય | સહી અવાચ્ય | સહી અવાચ્ય |
| નિયામક | કલેકટર | અગ્રસચિવ |
| અ.જા. કલ્યાણ, ગાંધીનગર | ગાંધીનગર | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર |

## ભાનુભાઈની શહાદતની અર્ધવરસીએ

મને બરાબર યાદ છે ૧૮મી ફેબ્રુઆરીનો એ આખો દિવસ અને ૧૯મી ફેબ્રુઆરીની રાતના ૧૨ થી સવારના ૩ વાગ્યાનો સમય.એ દિવસે બંધનું એલાન અપાયું હતું. પોલીસે સવારથી જ ધારાસભ્યો જિજ્ઞેશ મેવાણી અને નૌશાદ સોલંકી સહિત અનેક દલિત આગેવાનોની ધરપકડો કરી હતી. બંધનું એલાન ક્યાંક હિંસક બન્યાના પણ સમાચારો આવતા હતા. એ બધાની વચ્ચે સમાધાનના કાગળો ફરતા રહેતા હતા. છેક રાત્રે જિજ્ઞેશભાઈ-નૌશાદભાઈ છૂટીને આવ્યા ત્યારે મંત્રણાઓનો દોર ફરી શરૂ થયો. સરકાર જિજ્ઞેશ મેવાણી કે વિપક્ષને કશો જશ લેવા દેવા માંગતી નહોતી અને તેમના સિવાય રસ્તો કાઢી શકતી નહોતી. મોડી રાતે અંતિમ સમાધાનનો ઉપરનો ડ્રાફ્ટ આવ્યો ત્યારે તેમાંથી સરકાર કેટલું પાળશે તેનો અંદેશો રહેવો સ્વાભાવિક હતો.

હવે ભાનુભાઈ વણકરના છ માસિયે જ્યારે સરકારના વચનો વિશે વિચારીએ છીએ તો સાવ જ છેતરાયાની લાગણી થાય છે. એટલે ભાનુભાઈની શહાદતની અર્ધવરસીએ, ૧૬મી ઓગસ્ટ ૨૦૧૮ના રોજ, ગાંધીનગરમાં રેલી અને સભા યોજી વચનભંગી બીજેપી સરકારનો જવાબ માંગવામાં આવ્યો. "રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ" અને જિજ્ઞેશ મેવાણીના નેતૃત્વમાં સમગ્ર દલિત સમાજ તરફથી યોજાયેલા આ વિરોધ કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી હજારો લોકો સ્વયંભૂપણે ઉમટી આવ્યા. શ્રાવણના વરસાદી વાતાવરણ, ઉકળાટ ભેજ તથા તડકા વચ્ચે લોકો પૂરી સંવેદના અને પ્રતિબદ્ધતા સાથે રેલી અને સભામાં હાજર રહ્યા. સુબોધ પરમાર, કૌશિક પરમાર, દક્ષિણ બજરંગે, લક્ષ્મીબહેન મહેરિયા ,મહેશ પરમાર, કિરીટ રાઠોડ અને જિજ્ઞેશ મેવાણીના પ્રવચનો થયા. સભા પછી દલિત આગેવાનોના પ્રતિનિધિમંડળે મુખ્ય સચિવને મળી રજૂઆત કરી હતી.

જે દુદખા ગામના દલિત કુટુંબોને જમીન અપાવવા ભાનુભાઈએ પોતાનો જાન આપ્યો, તેમને ત્રણ દિવસમાં જમીન આપવાનું લેખિત વચન સરકારે આપ્યું હતું. મુખ્ય સચિવે રૂબરૂ મુલાકાતમાં પહેલા જ આ કામ થઈ ગયાનું બહુ આત્મવિશ્વાસથી કહ્યું. પણ વાસ્તવિકતા કંઈક જુદી જ હતી. દુદખાના વણકર હેમાબહેન કાંતિભાઈ અને ચમાર રામાભાઈ મઘાભાઈને ચાકરિયાત પસાયતાની જે જમીન મળી હતી તે રિગ્રાન્ટ કરવાના રૂ.૨૨,૨૩૬/- પણ ૨૦૧૩માં ભરાઈ ગયા હતા અને ૨૦૧૫થી રાજ્યના મહેસુલ વિભાગમાં તેમની મંજૂરીની ફાઈલ ટલ્લે ચડી હતી. એટલે તો વિરોધના આખરી કાર્યક્રમની જાહેરાત કરવી પડી હતી. લેખિત ખાતરી અને ત્રણ જ દિવસમાં હુકમના વાયદા પછી સરકારે આ દલિત ખેત મજૂરોને 'ખાસ કિસ્સા'માં જમીન તો આપી પણ કોઈ ભળતા જ નામે. હેમાબહેન અને રામાભાઈના કોઈ દસમી પેઢીના વ્યક્તિ (કુબેરભાઈ દલાભાઈ અને ફકીરભાઈ ડોસાભાઈ) કે જેમનું દુદખાના દલિતો આજે નામ સુધ્ધાં જાણતા નથી, કે જેમના કોઈ સીધી લીટીના વારસદારો નથી, તેમના નામે જમીન આપવાનું કામ રાજ્યે કર્યું ! જ્યારે અમે મુખ્ય સચિવને આ સ્થિતિથી વાકેફ કર્યા તો તેઓ માનવા તૈયાર જ નહોતા ! ત્યાં હાજર અધિકારીઓએ ફટાફટ કલેકટર પાટણનો સંપર્ક કર્યો તો જાણવા મળ્યું કે હા, આ સાચું છે અને હવે છેક તા. ૧૦-૮-૨૦૧૮ના રોજ કામ થયું છે ! જે મહેસુલી તંત્ર રાજ્યના મુખ્ય સચિવને ઉઠાં ભણાવી શકતું હોય તેની આગળ બાપડા સામાન્ય જમીનવિહોણાનું તો શું ગજું?

ભાનુભાઈ નિવૃત તલાટી હતા અને ઘણા ગામોમાં પોતાના પૈસે જમીનોના ફોર્મ ભરાવી જમીનવિહોણાને જમીનો અપાવવા સંઘર્ષ કરતા હતા. એટલે તેમની શહાદત પછી થયેલા સમાધાનનો પ્રથમ જ મુદ્દો જમીનના કબજા સોંપણીનો હતો . સરકારે વચન તો પાળ્યું અને તા.૨૦-૨-૨૦૧૮ના રોજ પરિપત્ર કરીને, સાંથણીની જમીનના હુકમો થયા હોય અને કબજા ન આપ્યા હોય તો છ માસમાં કબજા આપવા, દર માસે કરેલ કામગીરીનું નિયત પત્રક પાંચમી તારીખે મોકલી આપવા જણાવી દીધું.પરંતુ રાજકીય ઈચ્છશક્તિના અભાવ વિનાના, જમીનો આપવા અંગે થયેલા આવા ભૂતકાળના અનેક પરિપત્રોમાં, આ પરિપત્ર પણ દબાઈ ગયો. કચ્છ અને સુરેન્દ્રનગર કે કંઈક અંશે જુનાગઢ અને પાટણમાં આ મુદ્દે દલિત સંગઠનોની જાગ્રતિ, થોડી જમીનો જરૂર અપાવી શકી છે પણ એ સિવાય આ બાબતમાં ખાસ કશું થઈ શક્યું નથી.

ભાનુભાઈની પ્રતિમા માટે ઉંઝામાં જમીનનો ટુકડો મેળવવાની માંગણી સંદર્ભે મને નરેન્દ્ર મોદીનો શાસનકાળ યાદ આવે છે. ઈન્દુલાલ યાજ્ઞિક મહાગુજરાત આંદોલનના અનન્ય લડવૈયા અને ગુજરાતના અલગ રાજ્યના રચયિતા છે. તેમના જન્મ શતાબ્દી વરસે પ્રજાકીય જન્મ શતાબ્દી ઉજવણી સમિતિએ અમદાવાદના પ્રવેશ દ્વારે તેમની પ્રતિમા સ્થાપિત કરવા જમીનનો ટુકડો માંગ્યો તો આ નફ્ફટ સરકારે ઈન્દુચાચાની પ્રતિમા માટે જમીન ન જ આપી. એટલે આખરે કેન્દ્ર સકારના તાબાની એવી સાબરમતી ઓએનજીસીની જમીનમાં આ પ્રતિમા મૂકવી પડી.. જે બીજેપી સરકાર ઈન્દુચાચાની પ્રતિમા માટે જમીન ન ફાળવે તે, તેની સામે લડીને શહીદી વહોરનાર ભાનુભાઈની પ્રતિમા માટે તો જમીન આપે ખરી ?

ગુજરાત સરકારનો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દર વરસે ડો.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ દલિત આગેવાન અને કર્મશીલને આપે છે. સમાધાનના ચોથા મુદ્દા મુજબ, સરકારે આ વરસનો આ એવોર્ડ વગર માંગે ભાનુભાઈ વણકરને જ આપવો જોઈએ. જો સરકાર તેમ ન કરે તો દલિત સમાજના જે કર્મશીલો આ એવોર્ડના અરજદારો હોય તેમણે આ વરસ પૂરતી પોતાની એવોર્ડ માટે અરજી ન કરવી જોઈએ અને જો કરી હોય તો ભાનુભાઈની તરફેણમાં પાછી ખેંચી લેવી જોઈએ. સાથેસાથે ગુજરાતની તમામ દલિત સંસ્થાઓ/સંગઠનોએ નિયત નમૂનામાં આ વખતે સરકારને ભાનુભાઈ વણકરને જ આ એવોર્ડ આપવા ભલામણ અરજી કરવી જોઈએ. જો આમ કરીશું તો જ સરકાર સામે દબાણ ઉભું કરી શકાશે.

સમાધાનના બે સૌથી અગત્યના મુદ્દા તે આ કેસમાં ન્યાય મેળવવા માટેના છે. દુદખાની જમીનનો કેસ કેમ આટલા વરસોથી લટકતો રહ્યો? તે માટે ક્યા મહેસૂલી અધિકારીઓ કે મંત્રીઓ જવાબદાર છે ? તે જાહેર કરવાનું કામ બાકી જ છે. સરકારે ઘટનાની ન્યાયિક તપાસ થાય તે માટે પોલીસ મહાનિરીક્ષકના અધ્યસ્થાને ''સીટ''ની રચના તો કરી છે, તેમાં નરસિમ્હા કોમર,( IGP)અધ્યક્ષ,, કિરીટ અધ્વર્યુ(નિવૃત અધિક સચિવ) સભ્ય અને મકરંદ ચૌહાણ (પોલીસ અધીક્ષક)સભ્ય સચિવ છે. આ ખાસ તપાસ દળે ૩૧મી માર્ચ ૨૦૧૮ સુધીમાં તેનો રિપોર્ટ આપવાનો હતો. પણ તેના રિપોર્ટની અને તારણો કે ભલામણોની છ મહિના થયાં છતાં કોઈ માહિતી નથી. એ જ રીતે ઘટનાના દિવસે કોની બેદરકારીથી આ બનાવ બન્યો? તે શોધી સામાન્ય પોલીસોને બદલે જવાબદાર પોલીસ અને કલેકટર ઓફિસના અધિકારીઓને સજા અપાવવાની માંગણી અંગે પણ કંઈ જ થયું નથી.

ભાનુભાઈની શહાદતની અર્ધવરસી, આપણા માટે અનેક સવાલો અને નવા સંઘર્ષની તૈયારી છોડીને ગઈ છે. શું આપણે તેને લાયક ઠરીશું ?

## આફત સમયે સેવા ને બાકી ધિક્કાર ?

કુદરતી આફતના સમયમાં સેવાપ્રવૃત્તિ કરનારાં આર.એસ.એસ. સહિતનાં સૌ સંગઠનોને સલામ.

અને સમજણની સ્પષ્ટતા ખાતર એક વાત--

- આફતના સમયમાં સેવાપ્રવૃત્તિ કરવાથી સામાન્ય સમયમાં ધિક્કાર ફેલાવવાનું લાઇસન્સ ન મળી જાય
- આફતના સમયમાં સેવાપ્રવૃત્તિ કરવાથી સામાન્ય સમયમાં કરેલાં કરતૂતોને નજરઅંદાજ ન કરી શકાય.
- આફતના સમયની સેવાપ્રવૃત્તિને કારણે લોકોએ આપણાં બીજાં કરતૂત ભૂલી જવાં જોઈએ, એવા હથોડા ન મારી શકાય.

(સંઘ પરિવારની કોઈની સાથે સરખામણીનો સવાલ નથી, પણ ઈસ્લામિક બ્રધરહુડ અને હાફિઝ સઈદની જમાત-ઉદ્-દાવા જેવી સંસ્થાઓ સેવાપ્રવૃત્તિમાં અગ્રેસર રહીને પોતાની અંતિમવાદી કે ત્રાસવાદી પ્રવૃત્તિઓને સફેદો મારવા ઇચ્છતી હોય છે.

એટલે સેવા બદલની સલામ સ્વીકારીને, સેવાના હથોડા પછાડવાનું બંધ કરવું.)

ઉર્વીશ કોઠારી

**'દલિત અધિકાર'**

**પ્રકાશ મહેરિયા**

**તંત્રી, દલિત અધિકાર, એડવોકેટ અને નોટરી**

**૯, એ-વિંગ, સેકન્ડ ફ્લોર, પુષ્પ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક અને અર્કેડ, પટેલ મિલ પાસે, જુની રાજપુર મિલ કમ્પાઉન્ડ, રખિયાલ, અમદાવાદ મો. ૯૯૨૫૭ ૧૯૫૬૫**

## સામ્પ્રત

**છારાનગર**

મહાનગરની ભીતર વસે છે
કંઈ કેટલાંય નગર
ગયા છો કદી આ નગર
એક સમયે જેઓ
ઘરવિહીન ગામવિહીન દેશવિહીન
નામ-ઠામ-સરનામાંવિહીન હતા
એવા લોકોના નગર
છારાનગર.
આ નગરના દરેક પુરુષના વીર્યમાં
ચોરી લૂંટફાટ ઠગઈ ગુનાખોરીના
શુક્રાણુઓ હોય છે
અહીંની દરેક સ્રી
બાળકો નહીં બૂટલેગર અને ચોર જણે છે.
એવું કહેતા હતા અંગ્રેજો.
હજુ પણ ક્યાં બદલાયો છે અભિપ્રાય
છારાનગર વિશે!?
પણ અહીં વસે છે
પાશ જેવા કવિ બનવા મથતા કવિઓ
ચિત્રકારો
અભિનેતાઓ.
અભિનેત્રીઓ પણ
પત્રકારો પણ
બુદ્ધ કબીર રોહિદાસ જેવા
મહાન સંતોના અનુયાયીઓ પણ
પેરિયારના ફૂલેના બાબાસાહેબના ચાહકો પણ
બિરસા મુંડા જયપાલસિંહ મુંડાના વારસો પણ
માર્ક્સ માઓ લેનિન પાછળ દીવાના થયેલા
યુવાનો પણ.
વકીલો ડૉક્ટરો ઇજનેરો જજો પણ
મહાનગરમાં ટોપ આવવા મથતાં
વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ પણ
પણ મહાનગરના લોકોને દેખાય છે
ફક્ત
દારૂડિયા જુગારિયા પાકીટમાર
ને નગરને નાકે ઊભેલી
આણે ફરતી છારણ ફક્ત!
અને પોલીસને દેખાય છે
કાચની બોટલમાં ટપ ટપ ટપકતા દેશીદારૂ જેવા
રાણીછાપના ચાંદીના સિક્કાઓ ફક્ત!
આવો કદીક છારાનગર!
મહાનગરના છેવાડે જ છે છારાનગર
ફક્ત
બુટલેગરો, પાકીટમારો, સેક્સવર્કરોનું નહીં
શ્રમજીવી મજદૂર સજ્જનોનું પણ છે
છારાનગર.

**જયેશ જીવીબહેન સોલંકી**

**ઘા**

પેલી અંધારી રાતે
કાયદાના વાહકોએ
રોડ પર મારી માણસોને વસ્તીમાં ઘૂસ્યા
લોકશાહીની પીઠ પર ઠોક્યા ડંડા.
ખબર નહોતી કોઈને
ગુનો એમનો શું હતો
લોકશાહીને કચડવા
સામંતશાહીનો હતો એ તો જબ્બર હમલો
'સાલા છારાઓ' અવાજ ઉઠાવે
ચાલો કાઢી નાખીએ એમની હેકડી
ઈર્ષ્યામાં ભરાયો હતો કાયદાવાહકોનો ડંડો.
આ તો રાજદંડ છે
'ગંદકી તો હટાવવી જ જોઈએ' કહી
ધારાગૃહના શાસ્ત્રીએ પણ બતાવ્યો
ફાંસીવાદી ચેહરો.
યાદ આવે છે પેલા બાળકની વાત :
'મારા પિતાને વગર વાંકે લઈ ગયા જેલમાં
હવે નથી લાગતું મારું મન ભણતરમાં'
પીડા સાથે હતો
એના ચહેરા પર ગુસ્સો.
હવે પીઠ પર ઊપસી આવેલા સોળ
નાસૂર બની જશે
'ઇતિહાસ'ના છે આ ભોગ બનનારા
'ભવિષ્ય'માં ભેગા મળી બળવો કરી જશે.

**હોઝેફા ઉજ્જૈની**

**હું કોણ છું**

હું હવાની જેમ ચારે કોર લ્હેરું,
તે છતાં હું કોણ છું એ પ્રશ્ન તો ઊભો જ છે,
થાય મન તો હું વળી ઘડિયાળ પ્હેરું,
તે છતાં હું કોણ છું એ પ્રશ્ન તો ઊભો જ છે.

લોક રાખે છે ઇનામો કેટલાં મારા ઉપર એ વાતની,
તમને કશી ક્યાં ખબર?
શોધવું મુશ્કેલ છે અસ્તિત્વ ?????,,
તે છતાં હું કોણ છું એ પ્રશ્ન તો ઊભો જ છે.

જીવતામાં જીવ છું હું ને મરેલામાં મરણ છું,
એમ કંઈ વાયકા મારા વિશે,
ક્યાંય પણ તો ના મળે એકેય દે'રું,
તે છતાં હું કોણ છું એ પ્રશ્ન તો ઊભો જ છે.

ગૂંચવીને વાતને, લેવી ઉકેલી છેવટે,
એવી રમત ગમતી હવે,
આંધળે કૂટાય છે ક્યારેક બ્હેરું,
તે છતાં હું કોણ છું એ પ્રશ્ન તો ઊભો જ છે.

**અમિષા ઈન્દ્રેકર**

R.N.I. No. GUJGUJ/2005/17601 Regd. No. GAMC-1494/2017-19 Valid upto 31-12-2019
Post At : Amd. PSO Ahmedabad-382002On 5th & 20th of Every Month
Published on 1st & 16th of Every Month


# યાત્રા : ઉનાની અને અંતરમનની

## મનોગત

સુબોધ પરમાર

આજ સે દો સાલ પહેલે આજ હી કે દિન (પાંચ ઓગસ્ટ, ૨૦૧૬) , અહેમદાબાદ કે વેજલપુરસે શુરુ હુઈ થી અહમદાબાદ સે ઉનાકી આઝાદી કૂચ યાત્રા. ઈસી યાત્રા કે દૌરાન ચપ્પલ ભી ટૂટ ગયે થે. આજ હી કે દિન સે શુરુ હુઆ થા લાલ, નીલા, હરા, ભગવા કો સમજના. રંગો કો દંગો કા રૂપ કૈસે મિલતા હૈ ઈસી યાત્રા સે હી તો સિખા થા.

બહોત કુછ સિખાયા હૈ ઈસ યાત્રા ને. ઈસ યાત્રા કે બાદ બદલતે દૌર કે સાથ બદલતે લોગો કો ભી દેખા હૈ. કઈ લોગ સમાજ પરિવર્તન કી ઉમ્મીદો કા જોલા લેકર ચલે થે સાથ મેં ઔર આજ ભી ચલ રહે હૈ.

ઈસ આંદોલન ઔર યાત્રાને એક છોટે સે ગાંવ સે નિકલે, મુજ જૈસે આઈડિયોલોજી ઔર આંદોલનસે અંજાન લડકોં કો, બહોત સે લોગોં સે મિલવાયા ઔર બહોત કુછ સિખાયા. બઢતી હુઈ યાત્રા કે સાથ લોગ જુડતે જાતે થે ઔર કુછ ના કુછ સિખાતે જાતે થે. કાફી લોગ અબ તક સંપર્ક મેં હૈ ઔર અબ તક સિખા રહે હૈ.

ઈસી યાત્રા મેં એક આઈપીએસ અફસર કો સિર પર ટોપી પહને પૂરી યાત્રા મેં કંડકટર કી સીટ પર બૈઠા ઔર લોગો કે બીચ મેં સોતે હુએ દેખા થા ઔર ગાંવ કે લોગોં કા ઢોલ —નગાડે કે સાથ સ્વાગત ભી દેખા થા ઔર ઉનકા પ્યાર ઔર સમાજ કે લિયે જિંદાદિલી ભી દેખી થી. સબસે અધિક દિખા થા તો સબકે આંખો કી વહ ચમક જો બતા રહી થી કી ''અબ તો હમેં આગે હી બઢના હૈ''

ઉસ દિન ન કોઈ નેતાગીરી કા ઝઘડા થા ઓંર ના થી આગે નિકલ જાને કી દૌડ. સબસે ખાસ થા લોગોં કા સમાજ કે પ્રતિ પ્રેમ. લોગો કો સિર્ફ ઓર સિર્ફ સમાજ કી ભાવના સે સ્વાગત કરતે ઈસી યાત્રા ને દિખાયા હૈ.

તબ ના કિસી સે કોઈ સ્વાર્થ થા કિસી કો ઔર ના હી બૈર. લોગ સિર્ફ ઔર સિર્ફ અપને આત્મસમ્માન ઔર હક કી લડાઈ મેં શામિલ હોને કે લિયે જુડે થે.

અહમદાબાદ સે નિકલે હમ સબ ભી, કહાં કુછ જાનતે થે કી આગે કા રાસ્તા ક્યા હૈ ઔર કિન લોગો સે મિલનેવાલે હૈ. સબ કો કાર્યકર્તા કે રૂપ મેં ઈસી યાત્રા કી વજહ સે દેખ પાયા.

ઈસ યાત્રા સે શાયદ દલિત આંદોલન કો એક નઈ પહચાન મિલી. કઈ સારે કર્મશીલ સાથી સાથ મેં ચલે હૈ.

પૂરે ૧૭ ટાઈમ તક આલુ કી સબ્જી ખાને કા મજા ભી ઈસી યાત્રા ને દિયા હૈ. યાત્રા કી શુરુઆત જીતની શાનદાર ઔર સહજ થી, અંત એસા નહીં રહા. અંત આને તક ઈસમેં નેતાગીરી કે સવાલ, રંગો કા ભેદભાવ, કૌન સા ગમછા ઈસ્તેમાલ કરના, કૌન સી સલામ બોલના, કૌન સી જાતિ, કૌન સી પેટા જાતિ, કૌન સા પ્રદેશ, સબ તરહ કે ઝઘડે ધીરે ધીરે ઘર કરને લગે ઔર અપને અસર દિખાને લગે.

રંગો કે ઝઘડે ઈસી યાત્રા કે દૌરાન શુરુ હો ગયે થે. તબ તક રંગો કો સિર્ફ રંગો કી તરહ હી દેખા થા.

ઈસ યાત્રા મેં જુડે સભી બચ્ચેં, બુઢે, જવાન લોગોં કા તહે દિલ સે શુક્રિયા. ઔર ખાસ તૌર પર શુક્રિયા ઉન સભી લોગો કા જિન્હોંને અપને બચ્ચે ઔર છોટે ભાઈ કી તરહ ઉંગલી પકડકર દલિત આંદોલન કી દુનિયા મેં પ્રવેશ કરવાયા, લોકતંત્ર કી-આઝાદી કી ઔર ભિન્ન મતો કે સ્વીકાર કી પરિભાષા સિખાઈ.

યાત્રા કે બહોત સારે, અચ્છે-બુરે ઔર રોમાંચક અનુભવ ભી રહે હૈ, પર અભી કે લિયે ઈતના હી. બાકી બાતે કિસી ઔર દિન.

દિલના દરવાજે દસ્તક
(ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં આત્મકથનાત્મક લખાણો)


: અનુવાદ :
ઉર્વીશ કોઠારી,
ચંદુ મહેરિયા,
: પ્રકાશક :
દલિત અધિકાર પ્રકાશન,
બી-૫૮, ન્યૂ હીરાબાગ સોસાયટી,
ગુરુકૃપા સ્કૂલ પાસે, સી.ટી.એમ.,
અમદાવાદ-૩૮૦૦૨૬.
કિંમત : રૂપિયા ૩૦/-
મો. નં. ૯૭૨૩૧ ૧૬૩૧૭
નવી આવૃત્તિ પ્રગટ થઈ ગઈ છે.
૫૦ કે તેથી વધુ નકલો રૂબરૂમાં અડધી કિંમતે માત્ર રૂ. ૧૫/-માં મળશે

દલિત અધિકાર પાક્ષિક
માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશકુમાર આર. મહેરિયા
૧૭૯૦, અબુકસાઈની ધાબાવાળી ચાલી, રાજપુર,
પોસ્ટ ઓફિસ સામે, અમદાવાદ-૩૮૦૦૨૧
ફોન : (મો.) ૯૮૨૪૬ ૮૦૪૧૦, ૯૯૨૫૭ ૧૯૫૬૫
મુદ્રણ સ્થાન : માંગલ્ય મુદ્રણાલય,
૧૦૭, પાર્વતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ.